# વિદ્યુતિકરણના કામ માટે ઇજારદારશ્રી ને અગત્યની સૂચનાઓ

(૧) વિદ્યુતિકરણના કામ સરકારશ્રી દ્વારા નિયત લાઇસન્સ ધરાવતા ઇલેક્ટ્રિશિયન અથવા વાયરમેન દ્વારા કરાવવાના રહેશે. જેટલી રકમનું વીજળીકરણનું કામ હશે તે કિંમતના પ્રમાણમાં માર્ગ અને મકાન (વિદ્યુત) વિભાગમાં યોગ્ય કેટેગરીમાં નોંધાયેલ વિદ્યુત ઇજારદારશ્રીએ કામ કરવાનું રહેશે.

(૨) કામના ઇન્ચાર્જ ઇજનેર દ્વારા વિદ્યુતિકરણના કામ કરતાં ઇલેક્ટ્રિશિયન અને વાયરમેનનું જ્યારે સરકારશ્રી દ્વારા ઈશ્યુ કરેલ લાઇસન્સની માંગણી કરવામાં આવે ત્યારે અસલ માં રજૂ કરવાનું રહેશે.

(૩) જે વિદ્યુત ઇજારદારને  કામ આપવામાં આવે ત્યારે ઇજારદારશ્રીએ સિવિલ કામ સાથે વિદ્યુતનું કામ સરકારશ્રી દ્વારા આપેલ નોંધણી ધરાવતા વિદ્યુતની કામગીરી માટેના ઇજારદારની નોંધણીનું પ્રમાણિત લાઇસન્સ ધરાવતા ઇલેક્ટ્રિશિયન અને વાયરમેનનું નામ તેની વિગતો વર્કઓડર આપતા પહેલા અત્રેની  કચેરીએ રજૂ કરવાનું રહેશે. જેથી વિદ્યુતિકરણની કામગીરી દરમિયાન ક્ષતિયુક્ત કામગીરીથી કોઈ જીવલેણ અકસ્માતનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો આ કચેરી દ્વારા નિયમ અનુસાર કાયદાકીય પગલાં લેવામાં સરળતા રહે.

(૪) વિદ્યુતિકરણના કામોમાં વપરાશમાં લેવાના થતાં માલસામાન, સાધનો, ઇક્વિપ્મેંટ્સ સરકારશ્રીના વિદ્યુત વિભાગ દ્વારા/ પી.આઈ.યુ. દ્વારા મંજૂર કરેલ પ્રમાણિત કેટેગરીના જ રહેશે.

(૫) વિદ્યુતિકરણના કામમાં વપરાશમાં લીધેલ માલસામાન અને ઇક્વિપ્મેંટ્સ નિયત માપદંડ વગરના તેમજ તાંત્રિક ગુણવત્તા ન ધરાવતા ધ્યાને આવતા તરતજ સૂચના અનુસાર બદલવાના રહેશે અને ત્યારબાદ તે કામનું નિયત ચુકવણું કચેરી દ્વારા ઇજારદારશ્રીને બિલમાં કરવામાં આવશે.

(૬) વિદ્યુતિકરણના (LT/HT) કરેલ કામના જે તે ટેસ્ટિંગ રિપોર્ટ નિયમાનુસાર જે તે વિદ્યુત સપ્લાય કંપની પાસેથી મેળવી આપવાની કામગીરી ઇજારદારશ્રીએ સ્વખર્ચે કરવાની રહેશે અને તે અંગે અત્રેની કચેરી દ્વારા આવી કોઈપણ પ્રકારની અલગથી ફીની ચુકવણી કરવામાં આવશે નહિ.

(૭) નવા વિદ્યુત જોડાણ (LT/HT) માટે અથવા વીજ લાઇન શિફ્ટિંગ,પોલ શિફ્ટિંગ કે ટ્રાન્સફોરમર શિફ્ટિંગ કે અન્ય કોઈપણ વિદ્યુતને/વીજ કંપનીને લગતી કામગીરી માટે લાઇઝ્નિંગ વર્ક ઇજારદારશ્રીને કરવાનું રહેશે અને સંબધિત વિજસપ્લાય કંપનીને ચૂકવવાની થતી નિયમાનુસારની રકમ પ્રથમ ઇજારદારશ્રીને ચૂકવવાની રહેશે. ત્યારબાદ ચૂકવેલ રકમના બિલ અને વાઉચર અત્રેની કચેરીમાં રજૂ કરતાં તે રકમ ઇજારદારશ્રીને પરત કરવામાં આવશે.

(૮) વિદ્યુતિકરણના (LT/HT) કામોમાં જનરેટર, ટ્રાન્સફોર્મર, લિફ્ટ, ફાયર સેફ્ટી કે અન્ય વિદ્યુતના ઇક્વિપ્મેંટ્સને કાર્યરત કરવા માટે ઇલેક્ટ્રિકલ ઈન્સ્પેક્ટર, ફાયર ઓફિસર કે અન્ય ડિપાર્ટમેંટ દ્વારા પ્લાનની મંજૂરી, NOC કે જરૂરી સર્ટિફિકેટ્સ મેળવવાની સંપૂર્ણ જવાબદારી ઇજારદારશ્રીની પોતાની રહેશે. જે અંગેનો સંપૂર્ણ ખર્ચ ઇજારદારશ્રીએ કરવાનો રહેશે અને તે માટે ના કોઈપણ પ્રકારના નાણાં/ફી નું ચુકવણું અત્રેથી કરવામાં આવશે નહિ.

નાયબ કાર્યપાલક ઇજનેર(વિદ્યુત)
પી.આઈ.યુ પંચમહાલ

કાર્યપાલક ઇજનેર(વિદ્યુત)
પી.આઈ.યુ જોને-૬ વડોદરા